# શહેરમાં કોરોનાના વધુ ૨ કેસ

## સે-૩૦માં એક કેસ મળ્યો, સે-૮-સીમાં અગાઉ નોંધાયેલ કેસના પરિવારમાં જ એક કેસ આવ્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના વધુ બે દર્દીઓ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૩૬ થવા પામી છે.

ગાંધીનગરમાં આજે નોંધાયેલ બે કેસમાં એક કેસ સે-૮-સીમાં નોંધાયો છે. જે અગાઉ નોંધાયેલ કેસના પરીવારમાં જ છે. આ દર્દી સચિવાલયમાં મહેસુલ વિભાગમાં ડે.એસ.ઓ. તરીકે ફરજો બજાવતા હોવાનું જાણવા મળેલ છે.

જયારે બીજો કેસ ગાંધીનગર શહેરના સે-૩૦માં નોંધાયો છે. કોરોનાનો સે-૩૦માં આ પહેલો કેસ નોંધાયો છે. આ દર્દી પણ નાગરિક પુરવઠા નિગમમાં મેનેજર તરીકે સેવાઓ આપતા હોવાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલા બે કેસ સાથે શહેર જિલ્લામાં નોંધાયેલ કેસોની સંખ્યા વધીને ૭૯ થઈ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૪૩ અને શહેરી વિસ્તારના ૩૬ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણને નિયંત્રિત કરવા માટે મનપા તંત્રએ હવે મન બનાવી લીધું છે અને લોકડાઉનનો સખ્તાઈથી અમલ કરવા ઉપરાંત માસ સેમ્પલીંગ કરવાનો નિર્ણય લીધેલ છે.

ગાંધીનગરમાં શહેરમાં અત્યાર સુધીમાં સે-૨૯માં સૌથી વધુ કેસ ૭ નોંધાયા હતા. આ પછી સે-૨૪માં ૬ કેસ નોંધાયા છે. જયારે સે-૨ અને ૩માં ૫-૫- કેસ નોંધાયા છે. સે-૨૩માં ૪ કેસ અને સે-૩ ન્યુમાં અને સે-૮માં ૨-૨ કેસ નોંધાયા છે.

સે-૧૨, ૧૩, ૨૨ અને સે-૭માં ૧-૧-કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૪૧૫થી વધુ વ્યકિતઓ હોમ અને ફેસેલીટી કવોરોન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવેલા છે.

### રાજ્યમાં વધતા જતા કોરોનાના પ્રકોપને નાથવા

# વરિષ્ઠ અધિકારી પંકજકુમારને વિશેષ જવાબદારી સોંપાઈ

**અમદાવાદ કમિશનર વિજય નહેરા હોમક્વોરોન્ટાઈન થતાં મેરિટાઈમ બોર્ડના સી.એમડી મુકેશકુમારને કમિશનરનો હવાલો સોંપાયો : ડો. રાજીવકુમાર ગુપ્તાને અમદાવાદ અને ગાંધીનગરના મોનિટરીંગની વિશેષ જવાબદારી સોંપાઈ**

ગાંધીનગર, તા.૫

અમદાવાદ મ્યુનિસીપલ કમિશનર શ્રી વિજય નહેરાએ તેઓ કોરોના પોઝિટીવ વ્યકિતના સંપર્કમાં આવતા બે અઠવાડિયા માટે હોમ કવોરેન્ટાઇન થવાનો તેમણે નિર્ણય કર્યો છે તેની જાણ રાજય સરકારને કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ મહાનગરમાં કોરોના વાયરસ- કોવિડ-૧૯ની પ્રવર્તમાન સંક્રમણની સ્થિતીની સંવેદના પારખીને અગ્રતાના ધોરણે અગત્યના નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર શ્રી વિજય નહેરાની મ્યુનિસીપલ કમિશનર તરીકે ફરજ પરની ગેરહાજરી દરમિયાન અમદાવાદ મ્યુનિસીપલ કમિશનરનો ચાર્જ ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાઇસ ચેરમેન અને સી.ઇ.ઓ. શ્રી મુકેશકુમારને સોંપવામાં આવ્યો છે.

શ્રી મુકેશકુમાર અગાઉ અમદાવાદ શહેરના મ્યુનિસીપલ કમિશનર તરીકે ફરજ બજાવી ચૂકયા છે અને અમદાવાદ શહેરની સ્થિતી તેઓ પરિચિત છે તે ધ્યાને લેતા મુખ્યમંત્રીશ્રીએ શ્રી મુકેશકુમારને અમદાવાદ મ્યુનિસીપલ કમિશનરનો ચાર્જ સોંપ્યો છે.

અમદાવાદમાં કોરોના વાયરસના વ્યાપને નિયંત્રણમાં રાખવા માટે સર્વેલન્સ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટ તથા મોનિટરીંગ અને સુપરવિઝનની કામગીરી સઘન અને વધુ સુવ્યવસ્થિત બનાવવા રાજયના વરિષ્ઠ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની કામગીરી ટુંકાગાળામાં સફળતાપૂર્વક પાર પાડનારા વન પર્યાવરણના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાને વિશેષ અધિકારી તરીકે નિમણૂંક આપવાનો આદેશ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કોવિડ-૧૯ની સમગ્ર રાજયમાં આરોગ્યને લગતી તમામ કામગીરીનું સંકલન, સુપરવિઝન અને મોનિટરીંગ કરવા માટે વિશેષ અધિકારી તરીકે મહેસૂલના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમારની નિમણૂંક કરી છે.

શ્રી પંકજકુમાર અગાઉ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં અગ્ર સચિવ તરીકે સેવાઓ આપી ચૂકયા છે અને હાલ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકેની તેમની ફરજ દરમિયાન રાજયના જિલ્લા કલેકટરોની કામગીરીનું માર્ગદર્શન, સુપરવિઝન અને મોનિટરીંગ પણ તેઓ સંભાળતા હોઈ કોવિડ-૧૯ની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માસ્ક ફરજીયાત

**આજે સાંજે જારી કરાયેલ જાહેરનામામાં દંડની પણ જોગવાઈ : પ્રથમ વખત રૂ. ૫૦૦ અને પછી રૂ. ૧ હજાર દંડ થશે**


ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હવે દરેક ગ્રામવાસી માટે માસ્ક ફરજીયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ અંગેનું જાહેરનામુ પણ પ્રકાશિત કરી દેવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જિલ્લાની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવાયા બાદ આજે આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જેમાં આનો ભંગ કરનાર વ્યક્તી પ્રથમવાર પકડાશે તો રૂ. ૫૦૦ નો દંડ વસુલવામાં આવશે આ પછી પણ તે માસ્ક ધારણ નહિ કરે તો રૂ. ૧ હજારના દંડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં પણ માસ્ક ફરજીયાત કરવાનુ જાહેરનામુ પ્રસિદ્ધ તાત્કાલિક કરવાની સૂચના સાથે ગુડા વિસ્તારમાં પણ તેનો અમલ કરવા અને જાહેરનામુ પ્રસિદ્ધ કરવા કમિશનરને જણાવાયુ છે અને જાહેરનામુ પ્રસિદ્ધ મનપા વિસ્તાર માટે કરવામાં આવ્યુ હતુ.

કોરોના સંક્રમણના કેસો વધતા જિલ્લો રેડ ઝોનમાં મુકાયેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી અત્યાર સુધીમાં ૯૫૨ વ્યક્તીઓના નમૂના લેવાયા છે. જેમાંથી ૪૨ કેસ પોઝીટીવ નોંધાયા છે.

જિલ્લામાં માસ્ક ફરજીયાત અંગેના હુકમો જારી કરે દેવામાં આવ્યા છે અને તે તા. ૬ મે થી અમલી બનશે.




નાકાબંધી : પાટનગરનને જોડતા ગ્રામીણ વિસ્તારોના માર્ગો પર પણ જડબેસલાક નાકાબંધી કરાઈ છે... વાવોલ - ઉવારસદ માર્ગથી ગાંધીનગરમાં કે વાવોલમાં પ્રવેશવું હવે અઘરું બન્યું છે... કોરોનાના વધતા વ્યાપ અને વેગને પગલે ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં લોકડાઉનનો અમલ ચૂસ્તપણે કરાય છે... પોલીસતંત્ર પણ રાત - દિવસ આકરા તાપમાં પણ લોકડાઉનના અમલ માટે પ્રતિબદ્ધ છે... ક્યારેક નાગરિકોને ન ગમતી ભાષામાં પણ પોલીસને કહેવું પડે છે.. પરંતુ આ બધુ જ નાગરિકોની સુખાકારી માટે છે... સુરક્ષા માટે છે... એટલું સમજીને ઘરે રહીએ - સુરક્ષિત રહીએ....

## રિવરફ્રન્ટ ખાતે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક



અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીની રિવરફ્રન્ટ સ્થિત કચેરી ખાતે મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરિય સમિતિની બેઠકનો દોર શરૂ થયો છે. બેઠકમાં અમદાવાદમાં કોરોના સંક્રમણની સર્જાયેલ પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ બેઠકમાં અન્ય ઉચ્ચ અધિકારીમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, ડો. રાજીવકુમાર ગુપ્તા, ઈનચાર્જ અમદાવાદ મ્યુ. કમિશનરશ્રી મુકેશ કુમાર સહીત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત છે. અમદાવાદના તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો જુમ-વિડિયોકોન્ફરન્સથી જોડાયા છે.

# શહેરના સેકટરોમાં સફાઈના અભાવે કચરાના ઢગ ખડકાયા

**રોગચાળાની દહેશત : સેકટરોમાં ઘરે ઘરે કચરો ઉઠાવાની વ્યવસ્થા પણ પડી ભાંગી છે**

**સેકટરોના આંતરિક વિસ્તારોમાં સફાઇ માટે લાંબા સમયથી કોઇએ ડોકીયુ કર્યુ નથી**

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં કોરાનાની મહામારી વચ્ચે માર્ગ સુધારણા સહીતના અન્ય વિકાસકામો અટવાયા છે એ તો સમજી શકાય પરંતુ સફાઈ કામગીરી પર પણ જાણે ચોકડી વાગી ગઈ છે. સેકટરોમાં લાંબા સમયથી સફાઈના નામે મીંડુ છે. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે અન્ય રોગચાળો પણ પગપેસારો કરી જાય તેવી દહેશત છે. ત્યારે કોર્પોરેશને સેકટરોમાં શેરી સફાઈ માટે ત્વરિત કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરમાં કોરાનાની મહામારી વચ્ચે અનેક પ્રશ્નોનુ નિરાકરણ કોરાણે મુકાઈ ગયુ છે. જયારે નિયમિત કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. એકબાજુ કોરાનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે કોર્પોરેશના કક્ષાએથી અગાઉ સેકટરોમાં થતી સફાઈ કામગીરીનુ પણ પીંલ્લુ વળી ગયુ છે. સેકટરોમાં કચરાના ઢગ ખડકાયા છે. વરસાદી વાયરા બાદ આમ પણ નગરના સેકટરોમાં ઠેર ઠેર કચરો પથરાયેલો જોવા મળે છે. સેકટરોમાં કચરો ઉઠાવાની વ્યવસ્થા પણ પડી ભાંગી છે. કોર્પોરેશન દ્વારા નગરના વી આઇ પી સેકટરોમાં ડસ્ટ ફ્રી મશીન ફેરવી બધુ ચોખ્ખુ ચણાક કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સેકટરોમાં રહેતા આમ નાગરિકો કચરના ઢગ વચ્ચે મુંઝવણ અનુભવી રહ્યા છે. કંટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયેલા સેકટરોમાં ઘરેથી કચરો ઉઠાવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે.

**સેકટરોમાં રહેતા આમ નાગરિકો કચરાના ઢગ વચ્ચે મુંઝવણ અનુભવી રહ્યા છે**

આ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો તેમજ જાહેર સ્થળો પર પણ સફાઈ થતી નથી. સેકટરોના આંતરિક રસ્તાઓની સફાઈ લાંબા સમયથી થતી નથી. કોરોના મહામારીને અનુલક્ષીને એકબાજુ રોગચાળાને કાબુમાં લેવા માટે પુરતી તકેદારી રાખવામાં આવે છે. જયારે હાલની સ્થિતિએ ખાનગી દવાખાનાઓ પણ બંધ છે. આવા સંજોગોમાં અન્ય રોગચાળાનો ખતરો ટાળવા માટે તંત્ર બેધ્યાન છે. અલબત્ત સફાઈ સહીતની કામગીરી તરફ દુર્લક્ષ્ય સેવાઈ રહ્યુ છે. સેકટરોમાં લાંબા સમયતી સફાઈ ન થતા હાલ નજર નાંખો ત્યાં કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં ગંદકીની સમસ્યા વધુ હઠીલી બને તેવી સ્થિતિ છે. સેકટરોમાં સફાઈ કામગીરી માટે યોગ્ય આયોજન કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. લોકડાઉનમાં પણ કચરો ઉઠાવો શહેરને રોચક બનાવોનો અભિગમ કોર્પોરેશને અપનાવાની અનિવાર્યતા છે. આમ પણ અત્યારે અન્ય તમામ કામો બંધ છે. ત્યારે સેકટરોમાં સફાઈ કામગીરી યોગ્ય રીતે થાય તે પણ અનિવાર્ય છે.

## હેલ્લો... ગાંધીનગર

- મોડીસાંજે ઉચ્ચ અધિકારીઓની જવાબદારીઓ સોંપાયાના હુકમો સંદર્ભે શહેરના રાજકીય અને અધિકારી વર્તુળોમાં તરહ-તરહની વાતો જાગી હતી.
- સેક્ટર-૩૦ સર્વોદયનગરમાં કોરોના પોઝિટિવ કેસ આવતા સર્વોદયનગરના વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરતું જાહેરનામું મોડી સાંજે પ્રસિદ્ધ થયું હતું.
- શહેરમાં સી.બી.એસ.સી અભ્યાસક્રમ ચલાવતી શાળાઓએ ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ કર્યું.

# તુલસીનો રસ-સુદર્શનની ગોળીઓની માંગમાં વધારો

**કોરોના સામે રક્ષણ માટે લોકો આયુર્વેદ તરફ**

ગાંધીનગર, તા. ૫

કોરોના વાઈસરની વૈશ્વિક મહામારી વચ્ચે લોકો હવે આર્યુવેદિક ઉપર ચઢી ગયા છે. બજારમાં સુદર્શન ઘનવટીનું સૌથી વધુ વેચાણ થઈ રહ્યુ છે. લોકો આર્યુવેદિક દુકાનમાં થઈને રોગ પ્રતિકારક શકિત વધે તે માટે જુદી જુદી આર્યુવેદિક દવાઓ માંગીને તેના અખતરા ચાલુ કર્યા છે. તો તુલસીનો રસનુ દરરોજ સેવન કરવાનુ કહીને તેની બોટલ વેચાઈ રહી છે. જયારે પોલીસ વિભાગ ખડેપગે રસ્તા ઉપર ઉભા રહીને ફરજ બજાવી રહ્યા છે ત્યારે તેમની હેલ્થ માટે શહેરની કેટલીક સંસ્થાઓ દ્વારા પોલીસને સુદર્શન ઘનવટી આપવાનું ચાલુ કર્યુ છે. સુદર્શન ઘનવટી લેવાથી તાવ ના આવે અને તેમાં રોગપ્રતિકારક શકિત હોય છે. આર્યુવેદિક દુકાનદાર અને વૈદ્ય પણ સુદર્શન ઘનવટી, ગરમ પાણી, હળદરનુ દૂધ વગેરે લેવાથી કોરોના સામે રક્ષણ મળી શકે તેમ જણાવી રહ્યા છે. આ ઉપરાંત રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આયુષ મંત્રાલયે પણ ગાઈડલાઈન બહાર પાડી હતી. જેમાં અનેક ઉપચારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.




દુઃખદ્ અવસાન

અમારા પરીવારનાવ્હાલા પુત્ર શ્રી
કેતન નવનીતલાલ ભટ્ટ (સોનુ)
તા.૩-૫-૨૦૨૦ને રવિવારના રોજ પ્રભુશરણ પામેલ છે.
સ્થળ: પ્લોટ ૧૫૨/૨, સેકટર-૨૨, ગાંધીનગર
વર્તમાન પરિસ્થિતિને દયાનમાં રાખીને બેસણું તથા લૌકિકક્રિયા રાખેલ નથી

લિ.
નવનીતલાલ નટવરલાલ ભટ્ટ
કુસુમબેન નવનીતલાલ ભટ્ટ
નીતા કેતનકુમાર ભટ્ટ (પત્નિ)
આર્યન કેતનકુમાર ભટ્ટ (પુત્ર)
ડો.રાકેશકુમાર એન. ભટ્ટ
ડો.સંગીતા રાકેશકુમાર ભટ્ટ
ખુશી રાકેશકુમાર ભટ્ટ (ભત્રીજી)
તિર્થ રાકેશકુમાર ભટ્ટ (ભત્રીજો)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com